તા.૨૯/૦૭/૨૦૨૫
સામાન્ય સભા

આજ રોજ તા.૨૯/૦૭/૨૦૨૫ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

| | |
|---|---|
| (૧)શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર | સરપંચશ્રી |
| (૨)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા | ઉપસરપંચશ્રી |
| (૩)શ્રીમતી શ્રધ્ધાબેન મેહુલકુમાર પટેલ | સભ્યશ્રી |
| (૪)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીમર | સભ્યશ્રી |
| (૫)શ્રીમતી લક્ષ્મીબેન પ્રફુલભાઇ પટેલ | સભ્યશ્રી |
| (૬)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ | સભ્યશ્રી |
| (૭)શ્રીમતી નિમિષાબેન પ્રકાશકુમાર આહિર | સભ્યશ્રી |
| (૮)શ્રી અશોકકુમાર મંગુભાઇ આહિર | સભ્યશ્રી |
| (૯)શ્રી મહંમદ ઇલ્યાસ અબ્દુલ સમદ શેખ | સભ્યશ્રી |
| (૧૦)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ | સભ્યશ્રી |

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પયુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રજીદ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રજીદ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રજીદ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રજીદ થી વેચાણ લેનાર | રજીદ થી વેચનાર | રજીદ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | પુષ્પાબેન ગજેસિંહ ગજેસિંહ સવાઇસિંહ | કીશોરભાઇ નવલભાઇ ગોંડલીયા હિતેશભાઇ ભીખાભાઇ વઘાસીયા | ૧૪૯૪ તા:૦૫/૦૨/૨૦૨૦ | બ્લોકનં ૪૦ કનક રેસીડેન્સી પ્લોટનં ૧૨૦,૧૨૧,૧૨૨ શ્યામ પેલેસ ના ફ્લેટનં-૧૦૩ મિલ્કતનંબર ૨૭૫૫/૮(૯૪૬૫) |
| ૨ | કાજલ શ્યામાપદા દે | સૌરભ ગોપાલ શર્મા | ૫૮૫૪ તા ૧૭/૦૫/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ પ્લોટનં ૧૦૯ મકાન મિ.નં ૨૩૬૩ (૬૧૨૧) |
| ૩ | કિરણ વલ્લભભાઇ ઢીમ્મર | રમેશકુમાર ગંગાવિષ્ણુ વર્મા | ૭૩૧૧ તા.૨૭/૬/૨૦૨૫ | મેઇન રોડ રૂપા માર્કેટ રહેઠાણ મિ.નં ૯૫૪/૮૩(૧૫૬૫) |
| ૪ | શિખાસિંહ મનોજસિંહ મનોજસિંહ ગુલાબસિંહ | ગીરીશભાઇ ગોરધનભાઇ ટીબડીયા, ભૌતિક પ્રવિણભાઇ વેકરીયા | ૩૦૬૮ તા:૦૮/૦૩/૨૦૨૨ | બ્લોકનં ૫૨૬પૈકી૧ યોગીદર્શન સોસા પ્લોટનં ૪૪થી૪૭ શિવમ રેસીડેન્સી ફ્લેટનં ૧૦૧ મિ.નં ૩૩૨૫/૯ (૧૧૨૪૦) |
| ૫ | સપનાબેન કેતનકુમાર પટેલ દિવ્યાબેન તેજસ પટેલ | હાર્દિક વિજયભાઇ મોદી સ્વેતા રાજેન્દ્રસિંહ મેહતા | ૧૭૩૪ તા:૧૪/૦૨/૨૦૨૫ | બ્લોકનં ૬૭૪/બ,૬૮૩ સાંઇ વિહાર પ્લોટનં ૫૦ મકાન મિ.નં ૩૮૧૭ (૧૫૧૯૩) |
| ૬ | નીલમ રાજ યાદવ રાજ રામકેવલ યાદવ | ગીરીશભાઇ ગોરધનભાઇ ટીબડીયા, ભૌતિક પ્રવિણભાઇ વેકરીયા | ૧૧૬૧૭ તા:૦૫/૦૯/૨૦૨૨ | બ્લોકનં ૫૨૬પૈકી૧ યોગીદર્શન સોસા પ્લોટનં ૪૪થી૪૭ શિવમ રેસીડેન્સી ફ્લેટનં ૪૦૩ મિ.નં ૩૩૨૫/૨૯ (૧૧૨૬૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | આશાબેન પરેશભાઇ પટેલ | યુનીસર્વ ઇન્ફ્રાપ્રોજેક્ટસ ના ભાગીદારો | ૬૭૩૬ તા: ૧૧/૦૬/૨૦૨૫ | બ્લોકનં ૨૦૭/અ સેકન્ડ ઇનીંગ ગ્રા.ફ્લોર દુકાનનં ડી-૧૪ મિલ્કતનંબર ૨૬૬૧/૭૩ (૮૦૦૭) પ્ર.માળ દુકાનનં ડી-૧૪ મિલકત નંબર ૨૬૬૧/૮૪(૮૦૧૯) |
| ૮ | સંગીતાદેવી મદન ગુપ્તા | સાહેદા મુનીર મુલ્લા | ૨૦૨૮ તા ૧૬/૦૨/૨૦૨૩ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૯+૧૦+૧૧ ઉપર આવેલ બિલ્ડીંગ ગ્રા.ફ્લોર રૂમનં ૬ મિ.નં ૧૮૩૬/૬(૩૯૭૬) |
| ૯ | સંગીતાદેવી મદન ગુપ્તા | સાહેદા મુનીર મુલ્લા | ૧૩૨૬૨ તા ૧૯/૧૨/૨૦૨૪ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૯+૧૦+૧૧ ઉપર આવેલ બિલ્ડીંગ ગ્રા.ફ્લોર રૂમનં ૭ મિ.નં ૧૮૩૬/૭ (૩૯૭૭) |
| ૧૦ | નાસીરહુશેન નાસીરઅહેમદ સિદ્દીકી | મિલનભાઇ વસંતભાઇ કોરાટ | ૫૫૧૭ તા ૧૫/૦૫/૨૦૧૫ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૮૬ થી ૮૯ ક્રિષ્ના રેસીડેન્સી, ફલેટનં જી-૩, મિ.નં ૧૯૨૧/૩(૪૩૨૩) |
| ૧૧ | સાજીયા મહમદઉજૅર મલેક | મહમદઇશહાક અબ્દુલસમદ મુલ્લા | ૮૧૦૨ તા.૧૮/૭/૨૦૨૫ | બ્લોકનં ૫૪૩ વિકાસ કોમ્પલેક્ષ ગ્રા.ફલોર દુકાનનં ૧૭ મિ.નં ૧૮૫૭/૧૭ (૪૦૨૨) |
| ૧૨ | શેહનાઝ નુરૂદ્દીન | સરસ્વતીદેવી ક્રિષ્નકુમાર પાંડે<br>ક્રિષ્નકુમાર બ્રિજમોહન પાંડે | ૯૩૧૯ તા:૨૦/૦૮/૨૦૨૪ | બ્લોકનં ૫૬૭/અ ત્રીજો માળ ફલેટનં ૨૦૨ એ-વન પેલેસ, મિલ્કત નંબર-૨૩૭૯/૨/૨ (૬૨૬૩) |
| ૧૩ | શારદાબેન દેવિદાસ ટાંકલવાલા | નરેશભાઇ લક્ષ્મણભાઇ વાડદોરીયા<br>વિશાલકુમાર ભરતભાઇ ભીમાણી<br>ભીખાભાઇ મોતીભાઇ પટેલ<br>જતીન કનુભાઇ ભંડેરી | ૮૨૯૩ તા.૨૩/૭/૨૦૨૫ | બ્લોકનં ૫૨૬/પૈકી૧ યોગીદર્શન સોસાયટી, પ્લોટનં ૮૬+૮૭ ફ્લેટનં ૪૦૫ મિ.નં ૨૬૨૮/૩૧(૭૩૧૮) |
| ૧૪ | પ્રવિણકુમાર લક્ષ્મણભાઇ ધડુક | મે.મહાલક્ષ્મી ગ્રુપ ભાગીદારી પેઢી , ભાગીદાર.વિશાલભાઇ ભૂપતભાઇ ચલોડીયા | ૮૦૨૭ તા:૧૭/૦૭/૨૦૨૫ | બ્લોકનં ૫૨૬પૈ૧ પ્લોટનં ૧૧ થી ૧૬ યોગીદર્શન સોસાયટી મહાલક્ષ્મી રેસીડેન્સી ફ્લેટનં એ-૪૦૧ મિલ્કત નંબર ૨૬૧૮/૧૭(૬૯૭૦) |
| ૧૫ | પુનમ રામસરદાર<br>રામસરદાર બાબુરામ | દિલીપભાઇ ગોરધનભાઇ,<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ,<br>રાજેશભાઇ પરબતભાઇ,<br>પરેશભાઇ મનસુખભાઇ | ૫૪૦૬ તા:૦૨/૦૯/૨૦૨૦ | બ્લોકનં ૫૨૬પૈકી૧ યોગીદર્શન સોસા પ્લોનં ૪૮થી૫૦, ફ્લેટ - ૩૧૦ મિલ્કત નંબર-૨૬૨૧/૩૮ (૭૧૨૯) |
| ૧૬ | લક્ષ્મન સિંહ પહાડ સિંહ | નીતાબેન નવિનભાઇ મોદી | ૮૫૦૮ તા.૨૯/૦૭/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ પ્લોટનં ૮૦ મકાન મિ.નં ૧૮૪૫(૪૦૦૨) |
| ૧૭ | આસીયા ઐયુબ આબોવત | યાહયા મહમુદ પટેલ | ૭૯૮૫ તા ૧૬/૦૭/૨૦૨૫ | બ્લોકનં ૬૪૩ સુર્યાંશી રેસીડેન્સી પ્લોટનં ૯થી૧૧ ફ્લેટનં ૨૦૪ મિ.નં ૨૨૬૬/૨/૪(૫૭૬૬) |
| ૧૮ | સુમંથ જનાર્ધન યાદવ | મેસર્સ અનુપમ બિલ્ડકોન એક ભાગીદારી પેઢી ના ભાગીદારો | ૫૨૩૩ તા ૧૦/૪/૨૦૨૩ | બ્લોકનં ૫૪૫/અ અનુપમ આર્કેડ ફ્લેટનં ૩૨૬ મિ.નં ૨૨૧૦/૨૦૮ (૧૧૮૪૭) |
| ૧૯ | મંજુદેવી રાકેશ વર્મા<br>રાકેશકુમાર માતાફેર વર્મા | દિલીપભાઇ ગોરધનભાઇ<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ<br>રાજેશભાઇ પરબતભાઇ<br>પરેશભાઇ મનસુખભાઇ | ૨૪૨૮ તા.૦૭/૦૨/૨૦૧૮ | બ્લોકનં ૫૨૬પૈ૧ યોગીદર્શન સોસા. પ્લોટનં ૫૭ થી ૫૯ ફ્લેટનં ૨૦૧ મિ.નં ૨૬૨૨/૧૫(૭૧૬૧) |
| ૨૦ | અર્ચના આલોક પાલ<br>આલોક રામયશ પાલ | દિલીપભાઇ ગોરધનભાઇ<br>ધીરૂભાઇ પરસોત્તમભાઇ<br>રાજેશભાઇ પરબતભાઇ<br>પરેશભાઇ મનસુખભાઇ | ૫૪૦૦ તા.૦૨/૦૯/૨૦૨૦ | બ્લોકનં ૫૨૬/પૈકી૧ યોગીદર્શન સોસાયટી, પ્લોટનં ૪૮ થી ૫૦ ફલેટનં ૧૦૯ મિ.નં ૨૬૨૧/૧૮(૭૧૦૭) |
| ૨૧ | કાજલ શ્યામાપદા દે | નીતાબેન કૈલાસકુમાર ટાંક<br>શ્રેયાબેન કૈલાસકુમાર ટાંક<br>શિવમ કૈલાસકુમાર ટાંક | ૫૮૫૩ તા ૧૭/૦૫/૨૦૨૫ | બ્લોકનં ૩૦૫ ગૌરવ ટાઉનશીપ પ્લોટ નં ૧૧૦ ખુલ્લો પ્લોટ મિ.નં ૨૩૬૪(૬૧૨૨) |
| ૨૨ | ગોવર્ધનસિંહ સજ્જનસિંહ રાજપુત | મોહમદઅયાઝ અબ્દુલસમદ શેખ | ૭૧૫૫ તા ૨૩/૦૬/૨૦૨૫ | બ્લોકનં ૬૩૧ પૈકી પ્લોટનં ૫૩+૫૪ ખુલ્લા પ્લોટ મિ.નં ૩૬૫૪/૨ (૧૪૭૮૬) |
| ૨૩ | ગોવર્ધનસિંહ સજ્જનસિંહ રાજપુત | મોહમદઇલ્યાસ અબ્દુલસમદ શેખ | ૭૧૫૬ તા ૨૩/૦૬/૨૦૨૫ | બ્લોકનં ૬૩૧ પૈકી પ્લોટનં ૫૫+૫૬ ખુલ્લા પ્લોટ મિ.નં ૩૬૫૮/૧ (૧૪૫૭૫) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪ | ચંદ્રવીરસિંહ ફતેહસિંહ રાજપુત | મોહમદઇલ્યાસ અબ્દુલસમદ શેખ | ૭૧૫૨ તા ૨૩/૦૬/૨૦૨૫ | બ્લોકનં ૬૩૧ પૈકી પ્લોટનં ૫૭+૫૮ ખુલ્લા પ્લોટ મિ.નં ૩૬૫૮/૨ (૧૪૫૭૬) |

આમ, ઉપરોક્ત મુજબના ર૬દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨ શ્રી મોહમ્મદ ઇલ્યાસ અબ્દુલ સમદ શેખ ની અરજી

ઠરાવનં ૩/૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મોહમ્મદ ઇલ્યાસ અબ્દુલ સમદ શેખ ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૭૨૯ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૨૫+૧૨૬ વાળી જમીનમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ હતી. જે મકાન ના બાંધકામ માં અરજદારે આપેલ અરજી માં જણાવ્યા મુજબ સદર પ્લોટ પર ગ્રા.ફ્લોર પર એક દુકાન અને પ્રથમમાળે ૧૦ રૂમ નું બાંધકામ કરેલ છે જેની આકારણી ગ્રામ પંચાયત ની સામાન્ય સભા તા ૩૦/૦૬/૨૦૨૫ ના ઠરાવનં ૩(૭) થી થયેલ છે. પરંતુ આ આકારણી માં પ્રથમમાળે ૧૦ રૂમ આવેલ નથી અરજદાર ના જણાવ્યા મુજબ ગ્રા.ફ્લોર ની ઉપર ચાર માળ નું બાંધકામ થયેલ છે. જેથી આકારણી માં મિલકત ના વર્ણન માં સુધારો કરવા માટે અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા આકારણી રજીસ્ટરે મિલકત ના વર્ણના માં સુધારો કરવા માટે અરજદારના જણાવ્યા મુજબ પ્રથમમાળે ૩ રૂમ, બીજામાળે ૩ રૂમ, ત્રીજામાળે ૨ રૂમ અને ચોથામાળે ૨ રૂમનું બાંધકામ કરેલ હોય તે મુજબ આકારણી રજીસ્ટરે સુધારો કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૩ શ્રી વિનોદભાઇ અમ્રતભાઇ લાડ ની અરજી

ઠરાવનં ૩/૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિનોદભાઇ અમ્રતભાઇ લાડ ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૩૩૩/૧૪ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીન ૧. વિનોદભાઇ અમ્રતભાઇ લાડ ના એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૪૪૪૯/૨૦૨૫ તારીખ:૦૯/૦૪/૨૦૨૫ થી વેચાણ રાખેલ છે. સદર મિલ્કત ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર - ૩૪૫૯ (૧૨૦૨૮) થી આશા શ્યામસુંદર જિયાણી ના નામે ચાલી આવેલ છે. ત્યારબાદ સદર મિલ્કત હાલના અરજદારશ્રીએ વેચાણ રાખેલ છે. તથા તેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ ર૬દ ના આધારે નામમાં ફેરફાર કરી મિલકતના વર્ણન માં ખુલ્લા પ્લોટની જગ્યાએ મકાન કરી તેની આકારણી રૂા. ૪,૦૦,૦૦૦/- કરવા સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ બોજામુક્ત કરવા માટેની અરજી.

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી બાલચંદ લક્ષ્મીલાલ શાહ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. તેઓશ્રી ગ્રામ પંચાયત પલસાણા દફતરે ચાલી આવેલ મિલ્કત નંબર- ૭૬૩(૧૧૫૩) વાળી મિલ્કત પર બેંક ઓફ બરોડા બલેશ્વર માંથી રૂા.૧૯,૦૦,૦૦૦/- અંકે ઓગણીસ લાખ પુરા નો બોજો કરેલ છે. જેની ભરપાઇ કરેલાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. જે ધ્યાને લઇ આજની સભા મજકુર મિલ્કત પરથી બોજો કમી કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૫ બોજામુક્ત કરવા માટેની અરજી.

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કરમશીભાઇ માવજીભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. તેઓશ્રી ગ્રામ પંચાયત પલસાણા દફતરે ચાલી આવેલ મિલ્કત નંબર- ૯૪૫(૧૫૦૮) વાળી મિલ્કત પર ધી કડોદરા વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લીમીટેડ કડોદરા માંથી રૂા.૨૦,૦૦,૦૦૦/- અંકે વીસ લાખ પુરા નો બોજો કરેલ છે. જેની ભરપાઇ કરેલાનું પ્રમાણપત્ર રજૂ કરેલ છે. જે ધ્યાને લઇ આજની સભા મજકુર મિલ્કત પરથી બોજો કમી કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામનં ૩/૬ શ્રી શાનૂ સુનિલ સિંહ વિગેરેની અરજી

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી શાનૂ સુનિલ સિંહ વિગેરેની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૧૨ વાળી જમીન ૧. શાનૂ સુનિલ સિંહ ૨. સુનિલ સિંહ મુન્ના તોમર ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૧૦૭૯૮ તારીખ:૦૪/૧૦/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી રંજના પ્રદિપ સિંહ તોમર વિગેરેની અરજી

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી રંજના પ્રદિપ સિંહ તોમર વિગેરેની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૨૫૨ વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૮ વાળી જમીન ૧. રંજના પ્રદિપ સિંહ તોમર ૨. પ્રદિપ સિંહ નેરપાલ સિંહ તોમર ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૧૩૧૩૩ તારીખ:૧૬/૧૨/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૨૦૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૮ શ્રી કિરણભાઇ ખંડુભાઇ પટેલ ની અરજી

ઠરાવનં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કિરણભાઇ ખંડુભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ

ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ કિરણભાઇ ખંડુભાઇ પટેલ ના નામે ચાલતી મિલ્કત નં ૬૮૮(૧૦૩૭) લાંબા સમય ની પડતર
મિલ્કત હતી જે તોડી પાડેલ હોય આકારણી રજીસ્ટર માં સુધારો કરી ખુલ્લી જગ્યા કરવા માંગણી કરી છે. ચર્ચા વિચારણા ને અંતે સ્થળ પર મકાન તોડી
જગ્યા ખુલ્લી કરી દીધેલ હોય આકારણી રજીસ્ટરે સુધારો કરી ખુલ્લી જગ્યા લખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૯ શ્રી કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ ની અરજી

ઠરાવનં ૩/૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૩૮૮૪(૧૫૮૬૧) કે જેમાં અરજદાર નું નામ કમુબેન ઇશ્વરભાઇ છગનભાઇ રાઠોડ ચાલે છે. પરંતુ તેમના પુરાવામાં કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ નામ ચાલી આવેલ છે. જે સુધારો કરવા માટે અરજ કરેલ છે. અરજદારે રજૂ કરેલ પુરાવા આધારકાર્ડ, સાચા નામનું નોટરી રૂબરૂ સોગંદનામું કરેલ જેમાં નામ કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ હોય મિલકત નંબર ૩૮૮૪(૧૫૮૬૧) માં અરજદાર ના નામમાં સુધારો કરી કમળાબેન ઇશ્વરભાઇ રાઠોડ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૦ શ્રી ઇંદુબેન પ્રવિણભાઇ ચૌધરી ની અરજી.

ઠરાવનં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ઇંદુબેન પ્રવિણભાઇ ચૌધરી ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૨૭૫૬/૧૩ (૯૪૭૧) ઇંદુબેન પ્રવિણભાઇ ચૌધરી, પ્રવિણભાઇ ભીમાભાઇ ચૌધરી ના નામે આવેલ છે. જે શ્રી પ્રવિણભાઇ ભીમાભાઇ ચૌધરી તારીખ:૧૯/૦૯/૨૦૨૧ ના રોજ અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ પ્રવિણભાઇ ભીમાભાઇ ચૌધરી નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો બનાવેલ પેઢીનામા મુજબ બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી ચૌધરી ઇંદુબેન પ્રવિણભાઇ (પત્ની) હયાત (૨)શ્રી અક્ષિતાબેન પ્રવિણભાઇ ચૌધરી (પુત્રી) હયાત (૩)શ્રી હર્ષરામ પ્રવિણભાઇ ચૌધરી (પુત્ર) હયાત આમ હયાત વારસો ના નામ દાખલ કરવાનું થાય છે. આથી મિલકત નંબર- ૨૭૫૬/૧૩ (૯૪૭૧) માં અનુ.નં (૩) હયાત વારસો ના નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૧ શ્રી પ્રિયાંશુ અરવિંદ મહેશ્વરી ની અરજી.

ઠરાવનં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પ્રિયાંશુ અરવિંદ મહેશ્વરી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૯૪૨/૧૮ (૪૪૭૫) અરવિંદભાઇ સીતારામ મહેશ્વરી ના નામે આવેલ છે. શ્રી અરવિંદભાઇ સીતારામ મહેશ્વરી તા ૧૦/૦૪/૨૦૨૫ ના રોજ અવસાન પામેલ છે. જેથી તેમના વારસો એ અરવિંદભાઇ સીતારામ મહેશ્વરી નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી, પેઢીનામું, મરણ દાખલો, બીનઅવેજી રીલીઝ દસ્તાવેજ રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યુ. અને તેમના સીધી લીટીના વારસો (મહેસુલી તલાટી ઉધના સેજા તા સુરત શહેર દ્વારા બનાવેલ) પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)સુનીતા અરવિંદ મહેશ્વરી (પત્ની) હયાત (૨)શ્રી પ્રિયાંશુ અરવિંદ મહેશ્વરી (પુત્ર) હયાત આમ હયાત વારસોના નામ દાખલ કરવાના થાય છે. તેમજ જે પૈકી અનુ.નં (૧)સુનીતા અરવિંદ મહેશ્વરી (પત્ની) હયાત એ પોતાનો હક્ક બીનઅવેજી રીલીઝ દસ્તાવેજ નંબર ૭૬૯૭ તા ૦૮/૦૭/૨૦૨૫ થી શ્રી પ્રિયાંશુ અરવિંદ મહેશ્વરી ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૯૪૨/૧૮ (૪૪૭૫) માંથી અનુ.નં (૧)સુનીતા અરવિંદ મહેશ્વરી (પત્ની) હયાતનું નામ કમી કરી સદર મિલ્કત શ્રી પ્રિયાંશુ અરવિંદ મહેશ્વરી ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી પ્રેમ કુંવર ગોવર્ધન સિંહ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૧૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પ્રેમ કુંવર ગોવર્ધન સિંહ વિગેરે ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૬૩૧ વાળી જમીન માં પડેલ ખુલ્લા પ્લોટની આકારણી ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૩૬૫૪ (૧૩૩૮૩) થી ૮૨૮.૭૨ ચો.મી મલેક અબ્દુલ કાદર ગુલામ રસૂલ ના નામથી થયેલ છે.જેમાંથી અરજદારશ્રીએ ખાનગી રાહે પડેલ પ્લોટનં ૩+૪+૫ ની ૧૭૫.૬૫ ચો.મી જેટલી જમીન વેચાણ રાખેલ છે. જેની આકારણી કરવા અરજ કરેલ છે. અરજી અંગે આજની સભામાં ચર્ચા વિચારણા કરતાં મજકુર જમીન બિનખેતી સદરે ચાલી આવેલ છે. હાલમાં ૧. મલેક અબ્દુલ કાદર ગુલામ રસુલ (૨૫%) ૨. દિનેશકુમાર શાંતિલાલ ગાંધી (૨૫%) ૩.રીતુ પવનકુમાર જૈન (૨૫%) ૪. રાજપુત જોગીન્દરસિંગ ગીસુસિંહ (૨૦%) ૫. ધર્મચંદ રંગલાલ ગુર્જર (૫%) એ રજી. વેચાણ દસ્તાવેજ નંબર ૧૬૭૦/૨૦૨૩ તા: ૦૮/૦૨/૨૦૨૩ થી ભાગીદારીમાં હિસ્સા મુજબ વેચાણ લીધેલ છે. ત્યારબાદ તેઓ મજકુર જમીન સહભાગીદારીની રાખવા ન માંગતા હોય આંતરિક વહેંચણ કરાર (૨૪૫૨/૨૦૨૩ તા:૧૨/૦૭/૨૦૨૩ નોટરી વિદ્વાન શ્રી જ્યોતિ ડી. માહ્યાવંશી રૂબરૂ) કરી કરારની રૂએ વહેંચણ કરેલ છે. અરજદારશ્રી એ મલેક અબ્દુલ કાદર ગુલામ રસૂલ પાસેથી તેમના હિસ્સા માં આવેલ ૮૨૮.૭૨ ચો.મી માંથી ૧૭૫.૬૫ ચો.મી જેટલી જમીન દસ્તાવેજ નંબર ૭૬૩૧/૨૦૨૪ તા ૦૪/૦૭/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેથી સભામાં ચર્ચા કરતા પંચાયતની વેરાની આવક ગુમાવવી ન પડે તે હેતુથી મજકુર ખુલ્લા પ્લોટનં ૩+૪+૫ ની આકારણી પ્રેમ કુંવર ગોવર્ધન સિંહ અને ચંદ્રવીર ફતેહ સિંહ ના નામથી ૧૭૫.૬૫ ચો.મી ની આકારણી રૂ.૧૫૦૦૦૦/- કરવા અને મલેક અબ્દુલ કાદર ગુલામ રસૂલ ની ૮૨૮.૭૨ ચો.મી ખુલ્લા પ્લોટની આકારણી માંથી ૧૭૫.૬૫ ચો.મી બાદ કરી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ શ્રી ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી ની અરજી.

ઠરાવનં ૩/૧૩ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે બાવીસી ફળિયામાં આવેલ મકાન કે જેનો ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૬૯૦ અને ૬૯૧ ની નોંધણી મકાન અને રૂમ+રસોડું તરીકે થયેલ છે. જેના પાછળના ભાગમાં ખુલ્લી જગ્યામાં અરજદારે રૂમ+રસોડું નું બાંધકામ કરેલ છે. જેની આકારણી કરવા માટે અરજ કરેલ છે. સભાએ રૂમ+રસોડું ની આકારણી ૫૦,૦૦૦/- કરવા અને નવો મિલકત નંબર આપવા તેમજ વેરો વસુલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે. આકારણી કરવા માત્રથી કોઈ હક્ક ગેરકાયદેસર હક્ક પ્રસ્થાપિત થશે નહિ.જે પણ આજની સભા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૪ શ્રી સોમજીભાઇ માવજીભાઇ પટેલ વિગેરે ની અરજી

ઠરાવનં ૩/૧૪ અરજદારની અરજી આજની સભામાં વાંચનમાં લેવામાં આવી. જેમાં જણાવ્યા મુજબ અરજદારના નામે પલસાણા ગ્રામ પંચાયત માં આવેલ મિ.નં ૯૪૫(૧૫૦૮) થી છા.વા સાથે ચાલી આવેલ છે. સદર જગ્યા સોમજીભાઇ માવજીભાઇ પટેલ, ચંદુલાલ માવજીભાઇ પટેલ, કરમશી માવજીભાઇ પટેલ ના સંયુક્ત નામે આવેલ છે. પરંતુ અરજદાર સદર ખુલ્લી જગ્યામાં ચાર અલગ અલગ આકારણી કરવા માટે અરજ કરેલ હોય જેથી આજની સભા એક ખુલ્લી જગ્યા ની આકારણી અગાઉ થી થયેલ હોય બીજી ત્રણ ખુલ્લી જગ્યા ની આકારણી શ્રી સોમજીભાઇ માવજીભાઇ પટેલ, ચંદુભાઇ માવજીભાઇ પટેલ, કરમશી માવજીભાઇ પટેલ ના સંયુક્ત નામથી કરવા સર્વાનુમતે ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તે શરતે સભાએ આજની સભા માં આકારણી રજીસ્ટરે દાખલ કરી ત્રણ નવા નંબર આપી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૫ તા ૨૮/૫/૨૦૨૫ ની સામાન્ય સભામાં થયેલો ઠરાવનં ૩(૨૭) રદ કરવા બાબત

ઠરાવનં ૩/૧૫ આજની સભામાં તા ૨૮/૫/૨૦૨૫ ની સામાન્ય સભામાં થયેલા ઠરાવનં ૩(૨૭) રદ કરવા બાબતે ચર્ચા કરવામાં આવી. જે અનુસાર ગ્રામ પંચાયત પલસાણા માં મિલકત નંબર ૪૪(૭૬) કે જે નિલેશભાઇ ચંપકભાઇ પટેલ, ચંપકભાઇ શંકરભાઇ પટેલ, પ્રફુલભાઇ ચંપકભાઇ પટેલ, પીનાકીન ચંપકભાઇ પટેલ ના નામે ચાલે છે. સદર મિલકતના વર્ણનમાં મકાન.ખુલ્લી જગ્યા એમ દર્શાવેલ છે. જેથી ગ્રામ પંચાયત દ્વારા અરજદારની અરજી ના આધારે મકાન અને ખુલ્લી જગ્યા ની અલગ અલગ આકારણી કરી નવો મિલકત નંબર ૪૪/૧(૧૫૮૧૯) આપી મકાન તથા ખુલ્લી જગ્યા ની સામાન્ય સભા તા ૨૮/૫/૨૦૨૫ ના ઠરાવનં ૩(૨૭) થી કરવામાં આવેલ હતી પરંતુ આ મિલકત માં આજુબાજુ વાળા વચ્ચે માલિકી હક્ક માટે વિવાદ ચાલતો હોય આજની સભા તા ૨૮/૫/૨૦૨૫ નો સામાન્ય સભા નો ઠરાવનં ૩(૨૭) રદ કરવા સર્વાનુમતે ઠરાવે છે. જેથી ગ્રામ પંચાયત રેકર્ડ માં મિલકત નંબર ૪૪/૧(૧૫૮૧૯) રદ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે. અને ગ્રામ પંચાયત રેકર્ડ માં મિલકત નંબર ૪૪(૭૬) ને મૂળસ્થિતિ માં રાખવા માટે સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.

ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે જૂન ૨૦૨૫ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૫ જૂન- આવક | | ૨૦૨૫ **જૂન** - જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૯૮૫૮૨૦.00 | પગાર ખાતે | ૧૪૫૩૮૦.00 |
| જિ.પં કર | ૯૬૮૧૦.00 | ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન | ૨૯0000.00 |
| લાઇટવેરો | ૪૭૭૪0.00 | પાઇપલાઇન રીપેરીંગ | ૨૫૫00.00 |
| પાણીવેરો | ૨૬૧00.00 | પાઇપલાઇન સામાન | ૧૧૭00.00 |
| સફાઇવેરો | ૯૮૩૫0.00 | લાઇટ બીલ ખાતે | ૨૬000.00 |
| વ્યવસાયવેરો R.C | ૨0૯૨૬૮0.00 | ઓફિસ સાદીલવાર | ૧૬૩૨0.00 |
| વ્યવસાયવેરો E.C | ૩૮૭૫0.00 | ગ્રામ સફાઇ ખાતે | ૪૬૮00.00 |
| કેબીન ભાડું | ૨૨000.00 | ગટર સફાઇ ખાતે | ૯000.00 |
| ગટરવેરો | ૪૬૭૫0.00 | ટી ડી એસ સ્વભંડોળ | ૬૫૩૮૯.00 |
| માર્કેટ ભાડું | ૬૬૮0.00 | જે સી બી થી કચરા સફાઇ નું કામ | ૮૯000.00 |
| તાલુકા પંચાયત કર | ૪૪૬૧૮.00 | લાઇટ સામાન/રીપેરીંગ ખર્ચ | ૪૪૬૧0.00 |
| લગ્ન નોંધણી ફી | ૩૯0.00 | ગ્રામ પંચાયત સ્વભંડોળ વિકાસના કામો | ૪૮0૯૨૮0.00 |
| નકલ ફી | ૧૯૨૮.00 | જી એસ ટી સ્વભંડોળ | ૬૬૭૫૧.00 |
| નળ કનેક્શન ફી | ૨૫00.00 | કોમ્પયુટર સામાન/રીપેરીંગ | ૪000.00 |
| બેંક વ્યાજ | ૧૪૯0૯૭.00 | લેબર શેષ | ૩૩૩૭૨.00 |
| જી.એસ.ટી | ૨૪૪૫0.00 | | |
| ટી.ડી.એસ | ૫૭૬૯૬.00 | | |
| **કુલ** | ૩૭૪૨૩૫૯.00 | **કુલ** | ૫૬૮૩૧0૨.00 |
| **ઉઘડતી સિલ્લક** | ૨૧૧૭૨૩૫૨.૭0 | **બંધ સિલ્લક** | ૧૯૨૩૧૬0૯.૭0 |
| **કુલ એકંદર** | ૨૪૯૧૪૭૧૧.૭0 | **કુલ એકંદર** | ૨૪૯૧૪૭૧૧.૭0 |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે જૂન - ૨૦૨૫ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત

ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકદંરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૬ (૧)આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પલસાણા ગામે પાદર ફળિયા માં મુકેશભાઇ ના ઘરના આગળના ભાગે ગટર લાઇનનું કામ
(૨) પલસાણા પાદર ફળિયામાં ઠાકોરભાઇ બાગલેના ઘરના આગળના ભાગે ગટર કામ
(૩) પલસાણા ગામે પાદર ફળિયા માં અશોકભાઇ પટેલના ઘરના આગળના ભાગે ગટર લાઇનનું કામ
(૪) પલસાણા ગામે પાદર ફળિયામાં જતા રસ્તાની બાજુમાં પેવર બ્લોક નું કામ
(૫) પલસાણા ગામે પાદર ફળિયા માં જયેશભાઇ પટેલના ઘરના આગળના ભાગે પેવર બ્લોકનું કામ
(૬) પલસાણા ગામે પાદર ફળિયા માં મુન્નાભાઇ ઢીમર ના ઘરના આગળના ભાગે પેવર બ્લોકનું કામ
(૭) પલસાણા ગામે આહિર ફળિયામાં જયંતિભાઇ છીકાભાઇ ના ઘરના આગળના ભાગે પેવર બ્લોકનું કામ
(૮) પલસાણા ગામે આહિર ફળિયામાં ડાહ્યાભાઇ પરભુભાઇ આહિરના ઘરના સામેના ભાગે પેવર બ્લોકનું કામ
(૯) પલસાણા ગામે આહિર ફળિયામાં જયંતિભાઇ બાલુભાઇ ના ઘરના આગળના ભાગે પેવર બ્લોકનું કામ
(૧૦) પલસાણા ગામે આહિર ફળિયામાં જગદીશભાઇ આહિરના ઘરના સામેના ભાગે પેવર બ્લોકનું કામ
(૧૧) પલસાણા ગામે આહિર ફળિયામાં રાજેશ ભીખા આહિરના ઘરના સામેના ભાગે પેવર બ્લોકનું કામ
(૧૨) પલસાણા ગામે આહિરવાસમાં ખોડિયાર માતાના મંદિરની સામે પેવર બ્લોકનું કામ
(૧૩) પલસાણા ગામે આહિર ફળિયામાં લલાકાકા આહિર ના કોઢારાની સામે પેવર બ્લોકનું કામ
(૧૪) પલસાણા ગામે આહિર ફળિયામાં હિરેનભાઇ આહિરના ઘરના સામેના ભાગે રસ્તા પર પેવર બ્લોકનું કામ
(૧૫) પલસાણા ગામે હાઇવે પર સંતકૃપા વેલ્ડીંગની બાજુમાં પેવર બ્લોકનું કામ
(૧૬) પલસાણા ગામે આહિર ફળિયામાં ધર્મેશભાઇ આહિરના ઘરની બાજુમાં પેવર બ્લોકનું કામ
(૧૭) પલસાણા ગામે આહિર ફળિયામાં ડાહ્યાભાઇ મંગાભાઇ ના ઘરની બાજુમાં પેવર બ્લોકનું કામ
(૧૮) પલસાણા ગામે આહિર ફળિયામાં ભીખાભાઇ આહિરના ઘરથી જીગાભાઇ આહિરના ઘર તરફ પેવર બ્લોકનું કામ
(૧૯) પલસાણા ગામે આહિર ફળિયામાં નરોત્તમભાઇ આહિરના ઘરથી મેઇન રોડ તરફ જતા પેવર બ્લોકનું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.

ઠરાવનં ૭ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી રજુ કરવામાં આવેલ કામો જેની આજની સભાએ નોંધ લીધેલ છે.

કામનં ૭(૧) પલસાણા ગામે પલસાણા - બલેશ્વર મેઇન રોડ પર તાલુકા પંચાયત કચેરી થી બલેશ્વર તરફ જતા જમણી બાજુ ખાડી સુધી આજુબાજુ
આવેલા જી.ઇ.બી થાંભલા બાબત

ઠરાવનં ૭(૧) આજની સભામાં પલસાણા ગામે પલસાણા - બલેશ્વર મેઇન રોડ પર તાલુકા પંચાયત કચેરી થી બલેશ્વર તરફ જતા જમણી બાજુ ખાડી સુધી આજુબાજુ આવેલા જી.ઇ.બી ના થાંભલા બાબતે ચર્ચા કરવામાં આવી. ચર્ચા ના અંતે આજની સભા પલસાણા ગામે પલસાણા - બલેશ્વર મેઇન રોડ પર તાલુકા પંચાયત કચેરી થી બલેશ્વર તરફ જતા જમણી બાજુ ખાડી સુધી આજુબાજુ આવેલા જી.ઇ.બી ના થાંભલા વાહન વ્યવહાર ને નડતરરૂપ હોય તેમજ પંચાયતના કામો માટે પણ નડતર રૂપ હોય આ થાંભલા દૂર કરી તેને અંડરગ્રાઉન્ડ કરવા ઇજનેર શ્રી દક્ષિણ ગુજરાત વિજ કંપની ભુતપોર ને યોગ્ય
કાર્યવાહી કરવા ભલામણ કરવા સર્વાનુમતે ઠરાવે છે. આ અંગેની તમામ સત્તા આજની સભા સરપંચશ્રી ને આપે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂ

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.